PRESS COVERAGE:

PUBLICATION NAME: SAURASHTRA AASPAS (GUJARATI DAILY)
CITY: JAMNAGAR
DATE: 10-07-2018
PAGE NO. 06
TOTAL SQ. CM. 198
TITLE: *Nayara Energy Limited provides guidance to students about safety measures in natural and human being adversity*

## નયારા એનર્જી લિમિટેડ દ્વારા

# વિદ્યાર્થીઓને આપતિ સમયે સાવચેતી અંગે અપાયું માર્ગદર્શન

### ખંભાળીયા પંથકના ૧૯૨૯ વિદ્યાર્થીઓ અને ૪૯ શિક્ષકોએ લાઇવ ડેમો દ્વારા જાણકારી મેળવી





આસપાસ, જામનગર

નયારા એનર્જી લિમિટેડે શાળા સલામતિ સપ્તાહની ઉજવણી અંતર્ગત ખંભાળીયા પથકની પાચ શાળાઓના આશરે ૧૯૨૯ વિદ્યાર્થીઓ તથા ૪૦ શિક્ષકોને કુદરતી કે માનવ સર્જીત આપતિ સમયે કઇ રીતે સાવચેતી રાખી કઇ રીતે સુરક્ષિત પગલાં ભરી શકાય ? એ અંગેનું માર્ગદર્શન લાઇવ ડેમો દ્વારા આપવામાં આવ્યું હતું.

ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના આયોજનથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ દ્વારા શાળા સલામતિ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં વાડીનારમાં આવેલ નયારા એનર્જી લિમિટેડે જોડાઇ ખંભાળીયા પથકની પાંચ શાળાઓમાં માર્ગદર્શક કાર્યક્રમો યોજ્યા હતા. જેમાં વાડીનાર પ્રાથમિક શાળા, વાડીનાર ધાર વાડી પ્રાથમિક શાળા, નાના આંબલા પ્રાથમિક શાળા, ઉગમણા બારાની સરકારી સેકન્ડરી સ્કુલ અને ખંભાળીયાની દા.સુ. ગર્લ્સ હાઇસ્કુલનો સમાવેશ થાય છે. આ શાળાઓમાં આશરે ૧૯૨૯ વિદ્યાર્થીઓ તથા ૪૦ શિક્ષકોએ કુદરતી તથા માનવ સર્જીત આફતો વખતે રાખવી જોઇતી સાવચેતી અગે માર્ગદર્શન મેળવ્યું હતું.

નયારા એનર્જી લિમિટેડના ફાયર વિભાગના તાલીમથી સુસજ્જ જવાનોએ વિદ્યાર્થીઓને આધુનિક સાધનો અને ઘર ઉપયોગી સાધનો વડે લાઇવ ડેમો યોજી કુદરતી કે માનવ સર્જીત આપત્તિ વખતે તાકિદના ધોરણે શું કરવું જોઇએ અને શું ન કરવું જોઇએ અને તે માટે કઇ પ્રકારની તકેદારી રાખવી જોઇએ તે અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતુ. કંપનીના તાલીમબદ્ધ કર્મચારીઓએ આપેલા માર્ગદર્શન અને પ્રશ્નોતરીના સંતોષકારક જવાકબથી વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ નયારા એનર્જી લિમિટેડનો આભાર વ્યકતાત કર્યો હતો.